### 1. સામાજિક ક્રિયા દ્વારા ઉદ્દભવતી પેટાવ્યવસ્થાની ચર્ચા કરો.

- સમાજશાસ્ત્રી ટાકોટ પાર્સન્સના મત મુજબ, "સામાજિક ક્રિયાઓ એકબીજા સાથે એક પ્રકારના સંગઠનની જેમ જોડાઈને વ્યવસ્થાઓ ઊભી કરે છે." પાર્સન્સ માનવીની આ સામાજિક ક્રિયા વ્યવસ્થાને પેટાવ્યવસ્થામાં વિભાજિત કરે છે, જે નીચે પ્રમાણે છે :
  1. જૈવિક વ્યવસ્થા : જેવિક જરૂરિયાતો પૂરી પાડે છે.
  2. વ્યક્તિમત્તાની વ્યવસ્થા : મનોવૈજ્ઞાનિક પ્રેરણા પૂરી પાડે છે
  3. સામાજિક વ્યવસ્થા : સામાજિક ધોરણો અને સામાજિક નિયંત્રણો પૂરાં પાડે છે.
  4. સાંસ્કૃતિક વ્યવસ્થા : સાંસ્કૃતિક મૂલ્યો પૂરાં પાડે છે.

### 2. સામાજિક રચનાતંત્રની કાર્યાત્મક સમસ્યાઓની સમજતી આપો.

- સમાજશાસ્ત્રી ટાકોટ પાર્સન્સનું AGIL મૉડેલ સામાજિક રચનાતંત્રની કાર્યાત્મિક સમસ્યાઓ હલ કરે છે, જે આ પ્રમાણે છે : (1) અનુકૂલન, (2) ધ્યેયપ્રાપ્તિ, (3) સુગ્રથન તથા (4) રચનાની જાળવણી અને તંગદિલીનિવારણ.
- પાર્સન્સનું AGIL મૉડેલ સામાજિક રચનાતંત્રની કાર્યાત્મક સમસ્યાઓ હલ કરે છે અને સામાજિક સંતુલન સાધે છે. આ સંતુલન સાધવા માટે જુદાં જુદાં ક્રિયાતંત્રો કામ કરે છે, જેમાં સમાજીકરણ મહત્ત્વનું ક્રિયાતંત્ર છે. સમાજી કરણના આ ક્રિયાતંત્ર દ્વારા સામાજિક મૂલ્યોનું આત્મસાતીકરણ થાય છે અને સામાજિક નિયંત્રણની પ્રક્રિયાઓ સમાજને સંતુલિત રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.